**અમદાવાદનાં ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટ , અમદાવાદ**

**ફોજદારી કેસ નં. ૭૪૩૯૮ / ૨૦૧૮**

ફરીયાદી : સરકારશ્રી

વિરૂધ્ધ

આરોપીઓ : શંભુગર બાલધરભાઈ ગોસ્વામી વિગેરે.

**–:: જ જ મે ન્ટ ::–**

આરોપીઓએ બનાવની તારીખે જુગાર રમી રમાડી મળી આવી આ અદાલતની હકુમતમાં જુગારધારા કલમ: ૧૨ મુજબનો ગુનો કરેલ હોઈ, આ અદાલતમાં ચાર્જસીટ રજુ થયેલ છે.આરોપીઓએ કબુલાત પુરસીસમાં ગુનો કબુલ રાખેલ છે. જે સ્વૈચ્છિક રીતે ગુનો કબુલ કરેલ હોવાની ખાત્રી કરી, આ તેમનો પ્રથમ ગુનો હોઈ, ગરીબ માણસો હોઈ, આર્થિક પરિસ્થિતી અને નબળા સંજોગો ધ્યાનમાં રાખી ઓછો દંડ કરવા અરજ કરેલ છે. નામદાર ગુજરાત હાઈકોર્ટનાં ન્યાયમુર્તિ શ્રી જે.એન.ભટ્ટ સાહેબશ્રીનો ચુકાદો State of Gujarat Versus Natwar Harchandji Thakor 2005 (1) GLR 709 લક્ષમાં રાખી ઓછામાં ઓછી સજા દંડ કરવા અરજ કરેલ છે. જેથી નીચે મુજબ હુકમ કરું છું.

**:: હુ ક મ ::**

દરેક આરોપીને ક્રિ.પ્રો.કોડની કલમ:૨૫૨ અન્વયે જુગાર ધારા કલમ :૧૨ ના ભંગ બદલ પ્રત્યેક આરોપી દીઠ રૂા. ૫૦૦/– (અંકે રૂપિયા પાંચસો પૂરા) દંડ કરવામાં આવે છે. આરોપીઓની ઉમંર જોતાં તેમજ તેમનાં પરની જવાબદારી ધ્યાને રાખતા તેમજ નામદાર ગુજરાત હાઈકોર્ટનો ચુકાદો State of Gujarat Versus Natwar Harchandji Thakor 2005 (1) GLR 709 લક્ષમાં રાખતા સજા કરવામાં આવતી નથી. જો આરોપી દંડ ન ભરે તો દિન–૫(પાંચ) ની સાદી કેદની સજા ભોગવવાની રહેશે. આરોપીઓ પાસેથી કબજે થયેલ મુદામાલ રોકડ રકમ સરકાર દાખલ કરવી. બાકીના મુદ્દામાલનો નાશ કરવો.

આરોપીઓએ કુલ **રૂા.૧૫૦૦/– (અંકેરૂપિયા એક હજાર પાંચસો પુરા)** દંડ ભરવો.

હુકમ આજ તારીખ : ૧૧ માહે ફેબ્રુઆરી, સને ૨૦૨૩ ના રોજ સહી કરી જાહેર કર્યો.

અમદાવાદ
તા.૧૧/૦૨/૨૦૨૩

**(જે. બી. પરીખ)**
ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,
અમદાવાદ
જજ કોડ નં.જી.જે.૦૦૪૧૪